# બ્રહ્માંડના ચૌદ લોકોનું આધ્યાત્મિક મહત્ત્વ

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

ચૌદ ભુવનના નાથને લઈને વ્રજની ગોપી ચાલી રે! ભોળી રે ભરવાડણ હાલી

આદિ કવિ નરસિંહ મહેતા પોતાના કાવ્યમાં ભાવ પ્રગટ કરતાં કહે છે કે ચૌદ ભુવનના નાથ શ્રીકૃષ્ણને જાણે માખણની જેમ વેચવા માટે ગોપી વ્રજમાં ચાલી નીકળી છે.

ચૌદ ભુવન એટલે ચૌદ લોકનું વર્ણન પણ આ કાવ્યમાં જાણવા મળે છે. પુરાણ શાસ્ત્રો પ્રમાણે ચૌદ ભુવન એટલે કે બ્રહ્માંડમાં ચૌદ લોકનું વર્ણન કરવામાં આવ્યું છે. વિષ્ણુપુરાણમાં પણ ચૌદ લોકનું આલેખન કરવામાં આવેલ છે. આપણી પૃથ્વી એ ભાગમાં સ્થિત છે. તેની ઉપરના ભાગે સાત ઉર્ધ્વલોક તથા નીચેના ભાગે સાત અધોલોકનું વર્ણન કરવામાં આવેલ છે.

**ઉર્ધ્વલોકમાં :** ભૂલોક, ભુવલોક, સ્વલોક (સ્વર્ગ), મહાલોક, જનલોક, તપોલોક, બ્રહ્મલોક.

**અધોલોક :** અતલ, વિતલ, સુતલ, રસાતલ : તલાતલ, મહાતલ, પાતાલલોક.

**ભૂલોક :** આ લોકમાં મનુષ્ય પગપાળા, હવાઈજહાજ, વાહન દ્વારા પરિભ્રમણ કરે છે.

**ભુવલોક :** પૃથ્વી તથા સૂર્યના વચ્ચેના સ્થાનને ભુવલોક કહેવાય છે. જેમાં અંતરીક્ષવાસી દેવતાઓ નિવાસ કરે છે.

**સ્વલોક :** આ લોકને સ્વર્ગ લોક પણ કહેવાય છે. સૂર્યથી ધ્રુવતારા મંડળના ભાગમાં આ લોકનો સમાવેશ થાય છે. આ લોકમાં પુણ્યશાળી જીવાત્મા નિવાસ કરે છે. પુણ્ય ક્ષીણ થવાથી તે આ લોકથી પતન પામે છે. આ લોકમાં ઈન્દ્રદેવ તથા સ્વર્ગવાસી દેવતાઓ નિવાસ કરે છે.


ઉપરોક્ત ત્રણ લોકને ત્રિભુવન કે ત્રણ લોક કહેવાય છે. ઇન્દ્ર તથા સ્વર્ગવાસી દેવતાઓ આ ત્રણ લોક સુધી પોતાના અધિકાર પ્રાપ્ત કરી શકે છે.

**મહાલોક:** આ લોક ધ્રુવલોકથી એક કરોડ યોજન દૂર છે. આ લોકને સિદ્ધલોક પણ કહેવાય છે. જ્યાં સિધ્ધ ઋષિમુનિઓ જેવા કે ભૃગ આધિ સિધ્ધ ઋષિ ગણ નિવાસ કરે છે. પ્રલયકાળમાં સામાન્ય કે પાપી આત્માઓ સ્થિર અવસ્થામાં રહે છે તથા મહાપ્રલય દરમિયાન સૃષ્ટિ ભષ્મના રૂપમાં આ લોકમાં જોવા મળે છે.

**જનલોક :** આ લોક મહાલોકથી બે કરોડ યોજન ઉપર છે. આ લોકમાં સનકાદિક ઋષિગણ નિવાસ કરે છે તથા વિદ્વાન તપસ્વી ઋષિઓ નિવાસ કરે છે.

**તપલોક :** આ લોક જનલોકથી 8 કરોડ યોજન દૂર છે. જેમાં વિરાજનામના દેવતા નિવાસ કરે છે.

**સત્યલોક :** બ્રહ્મલોકને સત્ય લોક પણ કહેવાય છે. આ લોક તપલોકથી 12 કરોડ યોજન ઉપર છે. જ્યાં બ્રહ્માજી નિવાસ કરે છે. આ




લોકમાં દૈત્ય, દાનવ તથા નાગલોક નિવાસ કરે છે.

**અધોલોક :** (પાતાળલોક)

**અતલ લોક :** આ પૃથ્વીથી 10,000 યોજનની ઊંડાઈ પર આ લોક છે. જેની ભૂમિ સફેદ રંગની માનવામાં આવે છે. આ લોકમાં રાજા દાનવના પુત્ર અસુર બલનિવાસ કરે છે.

**વિતલલોક :** આ લોક અતલ લોકથી 10 હજાર યોજન નીચે છે. જેની જમીન કાળા કલરની છે. આ લોકમાં ભગવાન હાટકેશ્વર મહાદેવજી પોતાના ભૂતગણ સાથે વાસ કરે છે તથા હાટ નામની સુંદર નદી પણ વહે છે.

નિતલ (સુતલલોક ) વિતલલોકથી નીચે 10 હજાર યોજન આ લોક વિદ્યમાન છે. આ લોકની ભૂમિ પ્રાતઃકાલીન સૂર્યના રંગની એટલે કે સુર્વણ કલરની છે. આ લોકમાં રાજા બલિ રાજ કરે છે.

**તલાતલલોક :** સુતલથી 10 હજાર યોજન નીચે છે. જેની ભૂમિ પીળા રંગની છે.

**મહાતલ :** આ લોકમાં કશ્યપની પત્ની કદ્રુ દ્વારા ઉત્પન્ન થયેલ અનેક શિરોવાળા સાપો જેવા કે તક્ષક, કાલિયા, કહુડ વગેરે નિવાસ કરે છે.

**રસાતલ :** મહાતલની નીચે 10 હજાર યોજન આ લોક છે. જેની ભૂમિ પથ્થરવાળી છે. જેમાં પાણિ નામના દૈત્ય તથા દાનવા રહે છે. જેવા કે કાલેષ હિરણ્યકશુપ.

**પાતાળલોક :** સુતલ લોકથી 10 હજાર યોજન નીચે પાતાળલોક છે.

> સમગ્ર બ્રહ્માંડ ભગવાનની અદભુત રચના છે. દરેક લોકનું પોતાનું વિશિષ્ટ સ્થાન, કાર્ય અને મહત્ત્વ છે. જીવ પોતાનાં કર્મો અને આધ્યાત્મિક વિકાસ અનુસાર વિવિધ લોકોમાં ગતિ કરે છે પરંતુ ભક્તિ માર્ગમાં જણાવાયું છે કે આ ચૌદેય લોકોથી પણ પર ભગવાન શ્રીવિષ્ણુનું પરમધામ વૈકુંઠ અને શ્રીકૃષ્ણનું ગોલોક વૃંદાવન આવેલું છે. જ્યાં પહોંચેલા જીવને ફરી જન્મ-મરણના ચક્રમાં આવવું પડતું નથી

જેની જમીન સ્વર્ણ કલરની છે. જેમાં શંખચૂડ, કલિક જેવા મહાક્રોધી તથા મોટી મોટી ફેણવાળા નાગ રહે છે.

શાસ્ત્રો જણાવે છે કે સમગ્ર બ્રહ્માંડ ભગવાનની અદભુત રચના છે. દરેક લોકનું પોતાનું વિશિષ્ટ સ્થાન, કાર્ય અને મહત્ત્વ છે. જીવ પોતાનાં કર્મો અને આધ્યાત્મિક વિકાસ અનુસાર વિવિધ લોકોમાં ગતિ કરે છે પરંતુ ભક્તિ માર્ગમાં જણાવાયું છે કે આ ચૌદેય લોકોથી પણ પર ભગવાન શ્રીવિષ્ણુનું પરમધામ વૈકુંઠ અને શ્રીકૃષ્ણનું ગોલોક વૃંદાવન આવેલું છે. જ્યાં પહોંચેલા જીવને ફરી જન્મ-મરણના ચક્રમાં આવવું પડતું નથી

આથી, બ્રહ્માંડના ચૌદ લોકોનું વર્ણન માત્ર બ્રહ્માંડની રચનાને સમજાવવા માટે નથી પરંતુ મનુષ્યને સદાચાર, ભક્તિ અને આત્મકલ્યાણના માર્ગે પ્રેરિત કરવા માટે પણ છે. સારાં કર્મ, નિષ્કામ સેવા અને ભગવાન પ્રત્યેની અડગ ભક્તિ દ્વારા મનુષ્ય જીવનને સફળ બનાવી પરમ ગતિ પ્રાપ્ત કરી શકાય છે.

---

# અમને પાત્ર બનાવો

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

તમલુકમાં આજાનદાસ અમારા સૌથી નિકટના બાઉલ હતા. સત્સંગમાં મેં તેમને પૂછ્યું, ''બાઉલની વાણી સમજવી બહુ અઘરી કેમ પડે છે આજાન?'' તે અમારી સામે જોતો રહ્યો .

અમે આગળ કહ્યું, ''તેના વાણીની અંદરના વ્યંજનાત્મક અર્થ સુધી પહોંચવું તો અઘરું પડે પણ તેનો શાબ્દિક અર્થ પણ અઘરો લાગે છે.''

તે હસવા લાગ્યો. બોલ્યો, ''સતીશ! બાઉલના શબ્દોને તમે ગમે તેમ ગબડાવી ન શકો કારણ કે તે 'માટી ભારા મૃચ્છકટિકમ' (માટી ભરેલ માટીનું ગાડું )છે! ચાલ, તને આજે એક નવા બાઉલનો પરિચય કરાવું.'' અમને ત્રણેને ગામની વચ્ચે આવેલ ખાર કુપુર રોડ તરફ લઈ ગયો.

ત્યાં એક તળાવના ઝરૂખા પાસે એક બાઉલ ગાતો બેઠો હતો . પછી ખબર પડી કે તેનું નામ શોધન મંડળ હતું. તે ગાતો હતો....

આમિ ધારશિલે સમાહિતા....!
શુય હોઈએ આમિ સબુજ રાંગા...

ગુરુ,આમિ ધારશિલે સમાહિતા....!
આમી ઠિક કાદામતિર મત્ત
તૂમિ આમ કે



બનાય નાઓ પાત્ર
ગુરુ,આમિ ધારશિલે સમાહિતા....!
મનેર માનુષ! તુમિ એકાઈ એસો
એઈ તુલે દાઓ જીદ્દી રંગુલો!
ગુરુ, આમિ ધારશિલે સમાહિતા....!

ગીત પૂરું કરી તેણે આંખો ખોલી. અમે 'જય ગુરુ' કહી તેની પાસે બેઠા.

પછી આજાન જ બોલ્યો, ''સતીશ! કંઈ સમજાયું?''

મેં કહ્યું, ''હા, શબ્દાર્થ કદાચ પકડાયા છે, જેમ કે હું ધારશીલામાં પડ્યો છું, હું પીળો લીલો રંગ ઓઢી અને સૂતો છું, હું તો ફક્ત માટી માત્ર જેવો છું, તું મને પાત્ર બનાવી દે, એ મનેર માનુષ! તું એકલો જ આવ મારા હઠીલા રંગોને દૂર કર, હું ધારશીલામાં પડ્યો છું !''

તે પછી મેં કહ્યું પણ આ પ્રલાપનો અર્થ નથી સમજાતો. શોધન બાઉલ શું કહે છે, તે તો તારે જ સમજાવવું પડશે.

આજાન હસવા લાગ્યો અને બોલ્યો, ''આ તમલુક એ મોટું બંદર હતું, વેપારનું મોટું થાણું હતું. અહીં તાંબાનો ખૂબ ધંધો હતો. તાંબુ એટલે કે તાંબાની ખાણો બાજુના છોટા નાગપુર પરગણાના સિંહભૂમિ નામના તાલુકાના એક ગામ ધારશીલામાં આવેલી છે. ત્યાંથી તાંબાની ખાણમાંથી જ તાંબુ અહીં આવતું.''

પછી થોડું રોકાઈને બોલ્યો, ''હવે સમજાયું? બાઉલ તેના ગુરુને કહે છે કે ગુરુ, હું તો ધારશીલા જેવી ઊંડી ખાણમાં પડ્યો છું! માટીમાં તાંબાની ધાતુનો લીલો ગઠ્ઠો થઈને પડ્યો છું! હું તો માત્ર માટી છું! તું મને શુદ્ધ કરી, પાત્ર બનાવી દે! મારા પર લાગેલા મોહમાયાના જિદ્દી રંગોને તું એકલો જ આવીને દૂર કર!''

અમે આશ્ચર્યથી ગીત મમળાવવા લાગ્યા. જેમ તાંબાના ખારમાંથી શુદ્ધ તાંબુ બનાવવાની ક્રિયા થાય. તેમાંથી જ સુંદર પાત્રોનું સર્જન બને.

> ગુરુ, હું તો ધારશીલા જેવી ઊંડી ખાણમાં પડ્યો છું! માટીમાં તાંબાની ધાતુનો લીલો ગઠ્ઠો થઈને પડ્યો છું! હું તો માત્ર માટી છું!

તેવી ક્રિયા મનુષ્ય સાથે તેના ગુરુ કરે. કાચી માટીમાંથી તેને સુયોગ્ય પાત્ર બનાવે.

અમે શોધન મંડળને વંદન કરી પરત આજાન બાઉલના આશ્રમે આવી ગયા.

આ ગીતનું સમગાની ગુજરાતી :

હું છું ધારશીલામાં ધરબાયેલો!
પડ્યો છું માટીમાં રાતો લીલો
ગુરુ, ધારશીલામાં ધરબાયેલો!
લાગુ છું હું માટી માતર!
ઘડી બનાવો અમને પાતર!
ગુરુ, ધારશીલામાં ધરબાયેલો!
મનેર માનુષ તું આવ એકલો
ઉતાર મારો રંગ હઠીલો
ગુરુ, ધારશીલામાં ધરબાયેલો!